
# આજે વિશ્વ કેન્સર દિવસ : શહેરમાં વિવિધ કાર્યક્રમો

## કેન્સર એટલે કેન્સલ નહીં..પણ નવી જિંદગીની શરૂઆત છે : આ વર્ષે "ક્લોઝ ધ કેર ગેપ" થીમ પર વિશ્વ કેન્સર દિવસ મનાવવામાં આવી રહ્યો છે.

ગાંધીનગર,તા.૦૩

વિશ્વ કેન્સર દિવસ નિમિતે શહેર માં વિવિધ કાર્યક્રમો યોજાશે. કેન્સર અંગે ની જાગૃતિ લાવવા માટે વિવિધ સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા જન જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવે છે. એક સમય હતો જ્યારે સામાન્ય બિમારીમાં પણ માણસ હિંમત હારી જતો. એ અરસામાં હૃદય, કિડની, ફેફસાં અને મગજની બિમારીઓમાં સંપડાયેલા દર્દીઓનો મૃત્યુ આંક પણ ઘણો વધારે હતો. એમાંય જો કેન્સર જેવી બિમારીનું નામ પડે એટલે દર્દી સહિત આખું કુટુંબ આશા છોડી દે. લોકો સમજતા કે કેન્સર એટલે કેન્સલ. પણ સમય રહેતા મેડિકલ રિસર્ચ અને સંશોધકોના પ્રયાસોને લીધે કેન્સર જેવી જટિલ બિમારીઓનું મહદઅંશે નિદાન શક્ય બન્યું છે. વર્ષ ૧૯૩૩ની ૪થી ફેબ્રુઆરીએ સ્વિટઝરલેન્ડના જીનીવા ખાતે યુનિયન ફોર ઈન્ટરનેશનલ કેન્સર કંટ્રોલ દ્વારા પ્રથમ વિશ્વ કેન્સર દિવસ ઉજવવામાં આવ્યો હતો. જેમાં કેન્સર જેવી જટિલ બિમારી વિશે લોકોમાં જાગૃતિ ફેલાવવી અને ખોટા ભ્રમોને સમાજમાંથી દૂર કરીને કેન્સરના દર્દીને હૂંફ અને સહકાર આપવાની ભલામણ કરાઇ હતી. ત્યારથી દર વર્ષે ૪થી ફેબ્રુઆરીએ વિશ્વ કેન્સર દિવસ ઉજવવામાં આવે છે. આ દિવસનો ઉદ્દેશ્ય કેન્સરને રોકવાનો, કેન્સરના દર્દીઓને વહેલાસર સારવાર મળી રહે તથા તેમની સાથે થતાં ભેદભાવને રોકવાનો છે.

વર્ષ ૨૦૦૮માં વિશ્વ કેન્સર સોસાયટીએ ઘોષણાપત્ર બહાર પાડીને કેન્સર સંબધિત કેટલાક લક્ષ્યો સાથે એક ઝુંબેશ ચલાવી હતી. જેમાં કેન્સરની બિમારીનું પ્રમાણ ઘટે અને જે તે દર્દીઓને યોગ્ય નિદાન મળે તેમજ વિશ્વમાં આ રોગને લીધે થતાં મૃત્યુનું પ્રમાણ ઘટે તે માટે જનસમૂહ, સરકારોએ અને સંગઠનોને આગળ આવવાની ભલામણ કરી હતી. દર વર્ષે અલગ અલગ થીમ પર વિશ્વ કેન્સર દિવસની ઉજવણી કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૩ના કેન્સર દિવસની થીમ 'ક્લોઝ ધ




કેર ગેપ' (Close the care Gap) રખાઈ છે. જે કેન્સરના દર્દીઓ સાથે થતાં ભેદભાવને મિટાવવાનો અને આપણા દ્વારા તેમની કાળજી અને જરૂરી સારવારને ચીંધે છે.

ભારતમાં દર વર્ષે ૮ લાખ જેટલા કેન્સરના કેસો આવે છે. જેમાંથી ૩૫ થી ૫૦ ટકા જેટલા પુરુષો અને ૧૭ ટકા જેટલી સ્ત્રીઓમાં કેન્સરનું કારણ તમાકુનું સેવન તેમજ ધુમ્રપાન છે. ઉપરાંત આનુવંશિક રીતે તે એકથી બીજામાં ઉતરે છે. આ સિવાય કિરણોત્સર્ગ, રસાયણો અથવા તો શરીરના અંદરના ભાગોને ચેપ લગાડનારાં તત્વોને લીધે કેન્સરનું જોખમ ઊભું થાય છે. દેશમાં ગળાના કેન્સરના દર્દીઓની સંખ્યા વધુ છે, જ્યારે સ્ત્રીઓમાં સ્તન કેન્સર અને ગર્ભાશયના મુખના કેન્સરના કેસોમાં છેલ્લા કેટલાક વર્ષોમાં વધારો જોવા મળ્યો છે. લગભગ તમામ પ્રકારના કેન્સરમાં ગાંઠોની રચના થાય છે જ્યારે લોહીના કેન્સર (લ્યુકેમિયા)માં ગાંઠ જોવા મળતી નથી. મોટેભાગે જાત તપાસથી કેન્સરને ઓળખી શકાય છે. આ ઉપરાંત લાંબા સમયથી ન રૂઝાતું ચાંદુ જોવા મળે, સ્તનમાં ગાંઠ જોવા મળે, યોનીમાંથી દુર્ગંધવાળું પ્રવાહી પડે, લાંબા સમય સુધી અવાજ બેસી જાય, ખોરાક પાણી ગળવામાં તકલીફ પડે, લાંબા સમયની ખાંસી હોય, શરીરના કોઈ પણ ભાગમાંથી લોહી પડે અથવા તલ કે મસાના કદમાં અસામાન્ય ફેરફાર જણાય તો આ લક્ષણો કેન્સરના હોઈ શકે છે. કેન્સર એ બિમારી માત્ર છે. એને આપણે સૌએ સાથે મળીને હરાવવાની છે. યોગ્ય સમયે નિદાન કરાવીને એને જડમૂળથી જ મિટાવી શકીએ છીએ. રાજ્યની હૉસ્પિટલોમાં સારવાર લેતા અનેક દર્દીઓએ કેન્સરને માત આપી છે. રાજ્ય અને દેશના હજારો કેન્સરના દર્દીઓના નિરીક્ષણ બાદ જાણવા મળ્યું છે કે નિયમિત વ્યાયામ, સ્વાસ્થ્યપ્રદ ખોરાક અને તમાકુ, ધુમ્રપાન અને અન્ય વ્યસનોના નિષેધ દ્વારા કેન્સરમાં નિયંત્રણ લાવી શકાય છે. હવે કેન્સર એટલે કેન્સલ નહીં..પણ નવી જિંદગીની શરૂઆત છે...!

## સાઈના જુનિયર હેન્ડબોલ ખેલાડીઓ રાષ્ટ્રીય સ્તરે ઝળક્યાં



ગાંધીનગર, તા.૦૩

ગાંધીનગરના સેક્ટર-૧૫ ખાતેના નેશનલ સેન્ટર ઓફ એક્સલેન્સ ખાતે ગઈ કાલે આયોજિત એક કાર્યક્રમમાં ગત માસે હેન્ડબોલની રમતમાં જુનિયર બોયઝ અને જુનિયર ગર્લ્સ એમ બંને ટીમોએ કરેલાં ઉત્કૃષ્ટ પ્રદર્શનને સાઈના રિજનલ ડાયરેક્ટર દ્વારા બિરદાવવામાં આવ્યું હતું.

નેશનલ સેન્ટર ઓફ એક્સલેન્સના જુનિયર બોયઝ દ્વારા ગત તા. ૨૬થી ૩૦ જાન્યુઆરી ૨૦૨૩ દરમિયાન તમિલનાડુના તિરુચિરાપલ્લી ખાતે યોજાયેલી ૪૪મી જુનિયર બોયઝ નેશનલ હેન્ડબોલ ચેમ્પિયનશિપમાં મધ્યપ્રદેશની ટીમમાં ૯ ખેલાડીઓ અને દિલ્હીની ટીમમાં ૧૦ ખેલાડીઓએ પ્રતિનિધિત્વ કરતા સાઈ ગાંધીનગર જુનિયર હેન્ડબોલ ખેલાડીઓએ અનુક્રમે ગોલ્ડ અને સિલ્વર મેડલ જીત્યા હતા. આ ટુર્નામેન્ટમાં કુલ ૧૯ ખેલાડીઓએ સિલ્વર મેડલ્સ મેળવ્યાં હતાં. આ સાથે નેશનલ સેન્ટર ઓફ એક્સલેન્સની જુનિયર ગર્લ્સ ખેલાડીઓએ ૧૨ થી ૧૫ જાન્યુઆરી ૨૦૨૩ દરમિયાન રાજસ્થાનના ડીડવાના ખાતે યોજાયેલી ૪૪મી જુનિયર ગર્લ્સ નેશનલ હેન્ડબોલ ચેમ્પિયનશિપમાં ભાગ લીધો હતો જેમાં ગોલ્ડ મેડલ જીતનાર હરિયાણાની ટીમમાં ૨ ખેલાડીઓ, સિલ્વર મેડલ જીતનાર દિલ્હીની ટીમમાં ૪ ખેલાડીઓ અને મધ્યપ્રદેશની ટીમમાં ૬ ખેલાડીઓએ પ્રતિનિધિત્વ કર્યું હતું જેમણે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.



સેક્ટર-૫-બી સ્થિત મહાકાળી ધામનો ૨૦મો પાટોત્સવ યોજાઈ ગયો. આ અવસરે યોજાયેલા યજ્ઞ કાર્યક્રમમાં ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલે હાજરી આપી હતી.

## ક્ષત્રિય સમાજના અગ્રણી સ્વ.મહિપતસિંહ રીબડાને મરણોત્તર 'સમાજ રત્ન' સન્માન



ગાંધીનગર, તા.૩

ક્ષત્રિય સમાજના મોભી દાનવીર ભામાશા એવા ગોંડના માજી ધારાસભ્ય મહિપતસિંહજી ભાવુભા જાડેજા રીબડાનું નિધન થતા આજ રોજ ગોંડલ રીબડા ખાતે તેમના બેસણાના કાર્યક્રમમાં રાજયના ખૂણે ખૂણેથી સામાજિક, રાજકીય આગેવાનો, ઉદ્યોગપતિઓ, વિવિધ સંસ્થાના પદાધિકારીયો, અધિકારીઓએ હાજરી આપી હતી. આ સમયે આરએસએસના પ્રકલ્પ ગાંધીનગર ખાતેની વિશ્વ પ્રવાસી સંઘ દ્વારા સ્વ.મહિપતસિંહ બાપુએ કરેલાં સમાજ સેવાના વિવિધ કાર્યો બદલ તેમને મરણોત્તર 'સમાજ રત્ન સન્માન'થી આભૂષિત કરવામાં આવ્યા હતા. આ મરણોત્તર સન્માન મહિપતસિંહ બાપુના પુત્ર રાજેન્દ્રસિંહ, અનિરુદ્ધસિંહ, જગતસિંહ, અને પૌત્ર શક્તિસિંહ, સત્યજીતસિંહને વિશ્વ પ્રવાસી સંઘના રાષ્ટ્રીય મહામંત્રી ઈલેવાન ઠાકરના હસ્તે પ્રવાસી સંઘના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ ધર્મેન્દ્રસિંહ ગોહિલ, પ્રદેશ પ્રમુખ હીતેન્દ્રસિંહ ચુડાસમા, પ્રદેશ ઉપાધ્યક્ષ ગોપાલ ઉપાધ્યાય, પ્રદેશ મંત્રી દિલીપ રાજપુરા, અમરેલી જિલ્લા અધ્યક્ષ પ્રદીપસિંહ સરવૈયાની હાજરીમાં આપવામાં આવ્યું હતું.

## વય નિવૃત થતાં અધિકારીનું સન્માન



ગાંધીનગર,તા.૦૩

હિસાબ અને તિજોરી ખાતાના વયનિવૃત થતા નિયામક આર. ટી. શાહનું ડીએટી પેન્શનર્સ એસોસિયેશનના હોદેદારો મહામંત્રી ગીરીશ ભાવસાર ખજાનચી ભરત ચૌહાણ, બી. જે. શાહ, ભરત સોની અને કે. જી. પટેલ દ્વારા પુષ્પગુચ્છ, શ્રીફળ અને સાકર આપી સન્માનિત કરી નિવૃત જીવન માટે શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

## મનોદિવ્યાંગ બાળકોનો આબુ-અંબાજીનો પ્રવાસ




ગાંધીનગર, તા.૦૩

મનોદિવ્યાંગ બાળકોને શિક્ષણ આપતી ગાંધીનગરની સંસ્થા વિશેષ એબીલીટી એન્ડ થેરાપી સેન્ટર દ્વારા તા.૩ અને ૪ ફેબ્રુઆરી દરમ્યાન આબુ-અંબાજીના બે દિવસીય પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ગાધીનગર મહાનગર પાલિકાના મેયર હિતેશ મકવાણાએ પ્રવાસને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવી દિવ્યાંગ બાળકો, વાલીઓ અને શિક્ષકોને શુભેચ્છાઓ પાઠવી હતી. પ્રવાસ દરમ્યાન મહેસાણા ખાતે ખોડિયાર એજ્યુકેશન ટ્રસ્ટના ચેરમેન વિષ્ણુભાઈ ચૌધરી દ્વારા બાળકોનુ સ્વાગત કરીને તેઓ માટે પૌષ્ટિક નાસ્તાનુંઆયોજન કરવામાંઆવ્યુંહતું.

## સમર્પણ કોલેજ ના સહયોગથી સ્ટેટ લેવલ બે દિવસીય મશરૂમ કલ્ટીવેશન વર્કશોપ




ગાંધીનગર,તા.૦૩

ગાંધીનગર ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સમર્પણ સાયન્સ અને કોમર્સ કોલેજમાં ગુજરાત કાઉન્સિલ એન્ડ સાયન્સ ટેકનોલોજી (ગુજકોસ્ટ)ના સહયોગથી સ્ટેટ લેવલનો મશરૂમ કલ્ટીવેશન વિષય પર બે દિવસ ય વર્કશોપ યોજાયો હતો. કાર્યક્રમના પ્રથમ દિવસે નિષ્ણાત તરીકે ડોક્ટર રાકેશકુમાર જૈમન, હેડ ઓફ પ્લાન્ટ પેથોલોજી, સરદાર કૃષિ યુનિવર્સિટી, દાંતીવાડા યશ પઢીયાર, સીઈઓ નાબાર્ડ, સરદાર કૃષિનગર યુનિવર્સિટી, દાંતીવાડા હાજર રહ્યા હતા. આ ઉપરાંત કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે ડૉ. કમલેશ શાહ, આસિસ્ટન્ટ પ્રોફેસર આર.જી. શાહ સાયન્સ કોલેજ અમદાવાદ હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં કોલેજના પ્રિન્સિપાલ ડો રાજી ડેનીસ આમંત્રિત મહેમાનોને આવકાર્યા હતા. ત્યારબાદ કાર્યક્રમના મુખ્ય મહેમાન ડો. કમલેશ શાહ સાહેબે મશરૂમની ખેતી થી બનતા ફાયદા-ગેરફાયદા અને મશરૂમના ભવિષ્ય વિશે ગહન ચર્ચા કરી હતી. કાર્યક્રમના નિષ્ણાત એવા યશ પઢિયાર સાહેબે મશરૂમ ખેતી થી થતા આર્થિક ફાયદા અને મશરૂમ ના બિઝનેસ વિશે વાત વિદ્યાર્થીઓને અવગત કરાવ્યા હતા. કાર્યક્રમના ત્રીજા સેશનમાં નિષ્ણાત ડો. રાકેશ કુમાર જૈમન સાહેબે મશરૂમ કલ્ટીવેશનનું બેઝિક ખ્યાલ તથા મશરૂમ કલ્ટીવેશન કરવાની સરળ અને ઉપયોગી રીત તથા મશરૂમ કલ્ટીવેશનના ભવિષ્ય વિશે વાત કરી હતી. પ્રથમ દિવસના અંતમાં વિદ્યાર્થીઓને મશરૂમ કલ્ટીવેશનનું અનુભવ કરી મશરૂમ ઉગાડવાની રીત જાતે શીખી હતી. કાર્યક્રમના બીજા દિવસે ડો. વિવેક ઉપાસની, પ્રોફેસર એન્ડ હેડ એમ.જી. સાયન્સ કોલેજ, અમદાવાદ અને દિન્તા વઘાસિયા મશરૂમ એન્ટ્રોપ્રિનોર, અમદાવાદ હાજર રહ્યા હતા.

## સેકટર-૨૮ની હિન્દી શાળા ખાતે બાળ પ્રતિભાઓનો સન્માન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૦૩

સમરસ સંસ્થા સાહિત્ય સૃજન ભારત અને ગાંધીનગરના રાજસ્થાન સમાજ સાર્વજનિક સેવા ટ્રસ્ટ દ્વારા સેક્ટર-૨૮માં પ્રથમ સરકારી હિન્દી પ્રાથમિક શાળા-૨ ખાતે હિન્દી બાળ પ્રતિભાઓ અને સાહિત્યકારોનો સન્માન સમારોહ મુખ્ય મહેમાન શહેરના મેયર હિતેશભાઈ મકવાણા, અતિથિ વિશેષ પદે કોર્પોરેટર સોનાલીબેન પટેલ, કવિ અને વક્તા મુકેશ કુમાર વ્યાસ 'સ્નેહિલ'ના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ પ્રસંગે સમરસ સંસ્થાના રાષ્ટ્રીય કન્વીનર અને રાજસ્થાની સમાજના ટ્રસ્ટીઓ મધુભાઈ પ્રજાપતિ, શિવાભાઈ રબારી, જગદાન ભાઈ ગઢવી, રમેશભાઈ પંચાલ, તલકાજી મારવાડી, હિન્દી પ્રચારક વિક્રમસિંહ રાજપૂત, નિવૃત્ત આર્મી ઓફિસર એમ.એસ. વગેરે ઉપસ્થિત રહ્યા હતા. મેયર હિતેશ મકવાણાએ તેમના વક્તવ્યમાં જણાવ્યું હતું કે "હિન્દી ભાષાના વિકાસ અને સંવર્ધન માટે સમર્પિત સંસ્થા સમરસ સંસ્થાના કાર્યની ખૂબ પ્રશંસા થવી જોઈએ, હિન્દી ભાષા તમામ ભાષાઓની માતા છે, તેને સમગ્ર રીતે સ્વીકારવામાં આવે છે". શહેરના કોર્પોરેટર સોનાલીબેન પટેલે તેમના વક્તવ્યમાં "હિન્દી ભાષા માટે પ્રતિબદ્ધ તમામ ટ્રસ્ટીઓને ખાતરી આપી હતી કે તેઓ હિન્દી માટે સરકાર અને વહીવટીતંત્રનો સહકાર લઈને રાજસ્થાન સમાજ ટ્રસ્ટ દ્વારા સંચાલિત શહેરની પ્રથમ સરકારી હિન્દી શાળાને શ્રેષ્ઠ શાળા બનાવવા માટે હંમેશા પ્રયત્નશીલ રહેશે." સમરસ સંસ્થાના રાષ્ટ્રીય સ્થાપક સંયોજક મુકેશ કુમાર વ્યાસ




'સ્નેહિલ'એ સામાજિક, સાંસ્કૃતિક, સાહિત્યિક પ્રવૃત્તિઓ અને હિન્દી ભાષાને સમર્પિત સંસ્થા સમરસ સંસ્થાના વિકાસની ચર્ચા કરતાં જણાવ્યું હતું કે "સંસ્થા દ્વારા ૧૧૦૦ થી વધુ સાહિત્યનુરાગિયોનું સન્માન કરવામાં આવ્યું છે, અને આજે એ જ ક્રમમાં ગાંધીનગર શહેરના ૧૦૦ જેટલી હિન્દી બાળ પ્રતિભાઓ, સાહિત્યકારો, શિક્ષકોનું સન્માન કરવું એ ખૂબ જ ગર્વની વાત છે, માતૃભાષા હિન્દીને રાષ્ટ્રભાષા બનાવવી એ સમયની જરૂરિયાત છે, તમે બધા આમાં જોડાઓ, સંસ્થાની ઝુંબેશ ચલાવો અને તેને ચળવળનો એક ભાગ બનાવો. સાહિત્યના વિકાસને અનુરૂપ, સંસ્થા સમરસ કાવ્યશાળાઓ પણ શરૂ કરી રહી છે, જેમાં સંસ્થા તમામ સાહિત્ય રસિકોને જોડવાના, હિન્દી ભાષા બનાવવાના મોટા ધ્યેય સાથે આગળ વધી રહી છે. એક ટેવ, વિચારવાની અને બોલવાની, વાંચવાની અને નિયમિત પ્રેક્ટિસ કરવાની. લખવાની જરૂર છે." આ પ્રસંગે મેયર અન્ય મહેમાનોના હસ્તે અમદાવાદના વરિષ્ઠ સાહિત્યકાર કવિ આત્મપ્રકાશ કુમાર અને ગાંધીનગરના સાહિત્યકાર ડૉ.ગુલાબભાઈ પટેલ, એમ.એસ. ચૌહાણ, હિન્દી પ્રચારક ટ્રસ્ટી શિવાભાઈ રબારી, મધુભાઈ પ્રજાપતિ, ટોલકાજી મારવાડી, જગદાનભાઈ ગઢવી, ચંદ્રપાલસિંહ, વિક્રમસિંહ રાજપૂત સહિત ૧૦૦ જેટલી બાળ પ્રતિભાઓ, સહ્યાનુરાગિયોનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે હિન્દી પ્રચારક વિક્રમસિંહ રાજપૂતે આભાર વ્યક્ત કર્યો હતો.

## આવતીકાલે સંત શિરોમણી રોહિદાસની જન્મ જયંતિ

### શહેરમાં ઉજવાશે સંત શિરોમણી રોહિદાસની જન્મ જયંતિ

ગાંધીનગર, તા. ૩

મધ્યકાલિન યુગમાં જે સંતો, કવિઓ, સાહિત્યકારો અને સમાજ સુધારકો થયા તેઓએ સમાજમાં સારા સુધારા કર્યા હતા. તે સમયમાં સંત કવિઓમાં સંત રોહિદાસ અને કબીરનું નામ ખૂબ જાણીતુ છે. ત્યારે દર વર્ષની જેમ આ વર્ષે પણ સંત શિરોમણી રોહિદાસની જન્મ જયંતિની ઉજવણી શહેરમાં કરવામાં આવશે.

સંત શિરોમણી રોહિદાસજી જન્મ સંવત ૧૪૩૩ (ઈ.સ. ૧૩૭૬)ના મહા મહિનાના શુકલ પક્ષની પૂર્ણિમાને દિવસ રવિવારે થયો હતો એવું માનવામાં આવે છે.

"ચૌદહ સૌ તેંતીસ કી માધ સુદી પંદરાસ :
દુખિયો કે હિત પ્રગટે સંત રવિદાસ"


નાનપણથી જ રવિદાસજીનું મન અધ્યાત્મ તરફ હતું.સાત વર્ષની આયુમાં એમને 'પ્રભુ ભક્તિ'નો ઘેરો રંગ ચઢી ગયેલ હતો. જેથી તેમના માતા-પિતા ચિંતાતુર બન્યા હતા. જેથી તેમને (સંત શ્રી રોહિદાસજી) કોટુંબીક વ્યવસાયમાં લગાવી દીધા હતા.એક વાયકા મુજબ એકવાર એક સાધુ તેમની ઝુંડપીમાં આવ્યા. સંતશ્રી રોહિદાસજીએ તેમનું ઉમળકાભેર સ્વાગત કર્યુ અને આરામની વ્યવસ્થા કરી.

સંત રોહિદાસજી ખુબ જ ગરીબ હોવાથી સાધુએ તેમને પારસમણી આપતા ક્યું કે તેમના જોડા શિવવાના ઓજારોનો પારસમણિનો સ્પર્શ થતાં સોનાના થઈ જશે અને તેમની ગરીબાઈ હંમેશને માટે દૂર થઈ જશે. પરંતુ સંતશ્રી રોહિસજીએ નમ્રતાપૂર્વક પારસમણીનો અસ્વીકાર કર્યો.સાધુ-મહાત્મા પારસમણીને રોહિદાસજીની ઝુંપડી છાપરામાં ખોસીને કહેતા ગયા કે જ્યારે તેમને ઈચ્છા હોય ત્યારે વિના સંકોચ પારસમણીનો ઉપયોગ કરે અને તેમની ગરીબાઈ દૂર કરે. છતાં પણ તેમણે અંદાજીત ૧૩ માસ પછી સાધુ-મહાત્મા પરત રોહિદાસજીની ઝુંપડીએ પરત આવ્યા ત્યારે એ જ સ્થિતિમાં પારસમણિને ઝુંપડીના છાપરે ખૂપેલી જોઈ તેઓ દંગ રહી ગયા. સંતશ્રી રોહિદાસજીને 'પારસમણિ'ની બાબતમાં પોતાનો દૃષ્ટિકોણ સ્પષ્ટ કરતા કહે છે કે

"પારસમનિ મુહિ રતુ નહિં ભાવૈ,
જગ જંજાર ન થોરા"।
કહિ રવિદાસ ઈકુ રામ ચરન ચિત મોરા ॥
રવિદાસ જહાં સંતોષ હૈ તહાં ન લાગે દોષ।

સંત શિરોમણી રવિદાસજી અનુસાર પરમાત્માનું નામ જ સાચો પારસમણિ છે. જે પતિતને પાવન કરી સંત બનાવી દે છે અને મરણાધીન માનવીને અમર બનાવી દે છે.

એમની વાણી, રચનાઓની વિશેષતા લોકવાણીનો અદ્વિતીય પ્રયોગ રહ્યો છે. જેનાથી જનમાનસ પર એનો અમિટ પ્રભાવ પડે છે.



"મન ચંગા તો કથોટી મેં ગંગા"

જેમના પવિત્ર મને ગંગાનું પાણી કથરોટમાં લાવી દીધું હતું.સંત શિરોમણી રોહિદાસજી સમાનતા, માનવતાના પ્રખર વાહક હતા.

જે એમની વાણી દ્વારા પ્રગટ થાય છે.

"એસા ચાહૂં રાજ મેં જહાં મિલે સબન કો અન્ન; છોટ-બડો સબ સમ બસે રવિદાસ રહે પ્રસન્ન"

એવા રાજની અપેક્ષા હતી કે બધાને અન્ન મળે - નાનો-મોટો સમાન રીતે રહે ત્યારે રવિદાસજી રહે પ્રસન્ન. એમની વાણીમાં આપવામાં આવેલ ઉપદેશ આજે પણ પ્રાસંગિક છે.